અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતની તાલીમ આપવાની યોજના તથા અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન / સહાયની યોજના.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: અજાક/૧૭/૨૦૨૧/0003/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭/૧૨/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૩/૧૨/૨૦૦૪નો ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબ્લ્યુ/૧૦૯૮-ન.બા.૦૮/ગ

(૨) સામાન્ય વહિવટ વિભાગનો તા.૦૭-૧૦-૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: આરસીપીએસ/૧૦૨૦૨૧/૩૬૯/વસુતાપ્ર-૪

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૧૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: પરચ/૧૧૨૦૨૧/૫૧૬૯૩૧/ચ

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૨) ઉપરના સામાન્ય વહિવટ વિભાગના તા.૦૭-૧૦-૨૦૨૧ના ઠરાવથી ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ હેઠળ જાહેર કરેલ સેવાઓ માટે બિઝનેશ પ્રોસેસ રી-એન્જીનીયરીંગની કાર્યવાહી માટે ટાસ્ક સમિતીની રચના કરવાનું ઠરાવવામાં આવેલ છે. જે પરત્વે વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના આ વિભાગની ચ- શાખાના પત્રથી આ વિભાગ હસ્તકની કેટલીક સેવાઓ અંતર્ગત મેળવવામાં આવતા વધારાના પુરાવાઓ ઓછા કરવા તથા અન્ય બાબતે આનુષંગિક ઠરાવોમાં સુધારા કરવા કાર્યવાહી કરવા જણાવેલ છે. જે અંગે ચ- શાખાના પત્ર સાથે સામેલ આ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં મળેલ ટાસ્ક સમિતિની નોંધથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતની તાલીમ આપવાની યોજના તથા અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન / સહાય માટેની યોજનાના ઠરાવમાં સુધારા કરવા સૂચન કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના આ વિભાગના તા.૧૩/૧૨/૨૦૦૪ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતની તાલીમ આપવાની યોજના તથા અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન / સહાયની યોજના અમલમાં છે.

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના ઠરાવની શરતો પૈકી શરત નં : (૩), (૪), (૫) અને (૬) આથી રદ્દ કરવામાં આવે છે તેમજ " સિનિયર વકીલ વધુમાં વધુ પાંચ તાલીમાર્થીઓ રાખી શકશે." એ શરત ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા)(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોકનં ૪, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર (વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- સિલેકટ ફાઈલ